

**શ્રી લતા હિરાણી**
(૯૯૭૮૪૮૮૮૫૫)



# P4P - એક અભિયાન




*એ શાળા, એ માસ્તર, એ ચમચમતી સોટી*
*હજુ ક્યાંક બરડામાં વાગ્યા કરે છે.*

-અશ્વિન ચંદારાણા

સુરતના ભરતભાઈ. વ્યવસાય શિક્ષકનો એટલે બાળકો/વિદ્યાર્થીઓ સાથે એમનો રોજનો સંપર્ક. છએક મહિના પહેલાં એક વાલી એમની પાસે આવ્યા. હાઈસ્કૂલમાં ભણતો એનો દીકરો બીડી,સિગારેટ,તમાકુનો વ્યસની થઈ ગયો હતો,સાથે સાથે રખડુ પણ. માબાપનું કાંઈ માને નહી.

ભરતભાઈએ પૂછ્યું, ''તમે એને મારો છો ?''

''હા,મારું નહી તો શું કરું ?માર્યા વગર કેમ સુધરે ?કાંઈ સાંભળતો જ નથી.''

''તમે એને મારવાનું બંધ કરો તો હું એને સમજાવવાની જવાબદારી લઉં !''

પપ્પા પાસે બીજો કોઈ રસ્તો નહોતો.ભરતભાઈએ સ્પષ્ટ શબ્દોમાં ફરી ચેતવણી આપી -''મારી પાસે હા પાડ્યા પછી જો તમે હાથ ઉપાડયો છે તો હું ફરી વચ્ચે નહી પડું અને પરિણામ ગમે તે આવી શકે. વિચારીને જવાબ આપજો અને જે બોલો એ પાળજો.''

પપ્પાએ બાંહેધરી આપી કે હવે એને આંગળી પણ નહી અડાડું,પણ તમે એને સાચા રસ્તે લાવો પ્લીઝ. એ વ્યસનોના રવાડે ચડી ગયો છે એમાંથી છોડાવો પ્લીઝ.

ભરતભાઈએ છોકરાને પ્રેમથી સમજાવવાની શરૂઆત કરતાં કહ્યું કે બેટા આજથી હું તારો વાલી !તારા બધા પ્રોબ્લેમ્સ મને કહે. પપ્પાનો માર બંધ થયો એની એ છોકરાને ખાતરી થઈ. ભરતભાઇ પાસે એ રડ્યો. આર્થિક સ્થિતિ ખરાબ હતી જ અને એના સમાજમાં દારૂની બદી ખૂબ ફેલાયેલી હતી. પછી તો સમજાવવાની પ્રક્રિયા આગળ ચાલી. ધીમે ધીમે એ છોકરાએ વ્યસનો છોડી દીધા અને વ્યવસ્થિત ભણવાનું શરૂ કરી દીધું. એના પપ્પા ખુશ છે કે તમે મારા દીકરાને લાઇન પર લાવ્યા.

ભરતભાઈ વિચારે છે કે આ મારી વાત છે ?હું એ જ વ્યક્તિ,જે માને કે 'માર વગર કોઈ સુધરે નહી અને ડર વગર કોઈ શીખે નહી',પોતાના બાળકો હોય કે વિદ્યાર્થીઓ ! એને બદલે 'બાળકો સાથે શારીરિક કે સૂક્ષ્મ કોઈપણ પ્રકારની હિંસા કદી નહી !'ખુદ પોતાનામાં આવા પરીવર્તન બદલ ભરતભાઈને આશ્ચર્ય હતું ! અલબત્ત હવે તો બાળકો સાથે 'પ્રેમ અને માત્ર પ્રેમ'નો સિદ્ધાંત એમના જીવનમાં વણાઈ ગયો છે.

પેરન્ટીગ ફોર પીસનો બીજો એક નિયમ છે કે વાલી અથવા શિક્ષકની ભૂલ થઈ જાય તો બાળકની માફી માંગી લેવી. બાળકના દિલ પર પડેલા ઉઝરડાનો એ અકસીર ઉપાય છે. બાળકનું મન એનાથી તરત કોરી પાટી જેવું થઈ જાય છે.

P4Pમાં તેઓ જોડાયા એ શરૂઆતનો સમય હતો. એકવાર એમણે ગુસ્સામાં એમના દીકરાને થપ્પડ લગાવી દીધી. સ્વભાવ પ્રમાણે વર્તન તો થઈ ગયું પરંતુ મનમાં ખટકવા લાગ્યું. બાળક પ્રત્યે શારીરિક કે સૂક્ષ્મ હિંસા નહી જ આચરવાના નિયમને કેમ નેવે મુકાઇ ગયો ? બુદ્ધિ કહેતી હતી કે આટલા વરસોની ટેવ જતાં વાર તો લાગે ને ! એ સાચુંય હતું પણ હૃદય પીડાતું હતું કે જો સંયમ ન રાખી શકાય તો આ બધું શીખવાનો મતલબ શું ? અને પોતાના બાળક સાથે આ થયું તો ભવિષ્યમાં બીજા બાળકો સાથે પણ થવાનું. પોતાનો વ્યવસાય તો બાળકો સાથે કામ કરવાનો જ હતો. હવે ઉપાયની વાત વિચારવાની હતી અને ઉપાયમાં બાળકની ખુલ્લા દિલે માફી માંગવી એ જ હતું. કલાકો સુધી પોતાના વર્તન અંગે પસ્તાવો અનુભવ્યા પછી ભરતભાઈએ એક

દીકરા પર ચિઠ્ઠી લખી એમાં પોતાના આ વર્તન બદલ માફી માંગી. ચિઠ્ઠી તો ઘરે જશે ત્યારે અપાશે પણ ત્યાં સુધી દીકરો કેટલો દુખી થતો હશે એ વિચારે એમણે રિસેસમાં ઘરે ફોન કર્યો, દીકરા સાથે વાત કરી અને માફી માંગી. સાંજે જઈને ચિઠ્ઠી પણ આપી જ.

બાળઘડતરનો સિદ્ધાંત કહે છે કે આવેશમાં આવીને ખોટું કૃત્ય થઈ જાય તો બાળકની માફી માંગવી અને તેય બીજા લોકોની હાજરીમાં ! બીજાની હાજરી અગત્યની બાબત છે જેથી માફી માગનારનો અહમ ઓગળે અને ફરીથી એ ભૂલ ન થાય. કોઇની હાજરીમાં કોઈને 'સોરી' કહેવું બહુ અઘરું છે. એમાંય શિક્ષક એક વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીઓની હાજરીમાં 'સોરી' કહે એ મોટી વાત છે. મૂળ વાત 'સોરી' કહેવાની છે, માફી માગવાની છે. ક્યાંક સમય સંજોગો અનુસાર એમાં થોડા ફેરફાર કરી શકાય પણ અંતે બીજાની હાજરીમાં નિખાલસતાથી 'સોરી' કહી શકવાની સ્થિતિ સુધી પહોંચવાનું છે.

ભરતભાઇ સાથે યોગાનુયોગ બન્યું એવું કે એ જ દિવસે એમને એક સ્કૂલમાં વાલીસંમેલનમાં પેરંટીગ વિશે વાત કરવા જવાનું હતું. ત્યાં એમણે વાલીઓને પોતાના તાજા અનુભવની વાત કહી. દીકરા પાસે 'સોરી'કહેવું અને વળી જાહેરમાં એ કબુલ કરવું એમના માટે સહેલું નહોતું પણ તેઓ ખુદ સ્વીકારે છે કે એ પછી મને ખૂબ રાહત થઈ. સચ્ચાઈ આચર્યાનો અનુભવ જીવનમાં એક સાત્વિક આનંદ ભરી દે છે ! ગાંધીજીએ પોતાના પિતા પાસે ચિઠ્ઠીમાં કડામાંથી સોનું ચોર્યાની કબૂલાત કરી હશે ત્યારે પિતાની આંખના આંસુ પુત્રે કરેલ ગુના બદલ તો ખરા જ પણ એનામાં આવેલા આ સાત્વિક પરિવર્તનના પણ હશે.

બાળકને મારપીટની અસર જેમણે પોતે માર ખાધો હોય એ સારી રીતે સમજી શકે. મન પર પડેલા ઉઝરડા સહેલાઇથી જતાં નથી. એમનું બેકગ્રાઉન્ડ જુઓ તો બાળપણ વીત્યું ગામડામાં. ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાનું સાવ નાનકડું માખણીયા ગામ એ એમનું વતન. એમના મમ્મી-પપ્પા તો તદ્દન નિરક્ષર ! ભરતભાઇ જેવા થોડાક નિશાળે જતા બાળકો સિવાય એ વખતે ગામમાં કોઈ ભણેલું નહીં. શહેરના બાળકોને જે ઉછેર મળે તેનાથી તદ્દન ઊલટું એમનું વાતાવરણ. મા-બાપ ખેતી કરે. સાત ભાઈબહેન. મા પ્રેમનો ભંડાર અને પિતા ગુસ્સાનો ભંડાર. એમના ગુસ્સાનો ભોગ બાળકો અને પત્ની બધા જ બને. મારપીટ તો સામાન્ય.

ભરતભાઈ P4Pનો આભાર માને છે કેમ કે આ બધા કારણોસર એમના મનમાં પોતાના પિતા માટે જે ગ્રંથી બંધાઈ ગયેલી એ આ બાળઉછેરની તાલીમને કારણે તૂટી. ઘણા લોકોને પોતાના માતાપિતા સામે ફરિયાદ હોય છે. આ ફરિયાદ મનના અટલ ઊંડાણોમાં એટલી સ્થાપિત થઈ ગઈ હોય છે કે પોતાના વર્તનમાં એની ઊંડી છાયા હોય છે એની વ્યક્તિને પોતાને ખબર નથી હોતી. મનોવૈજ્ઞાનિકો આ વાત સ્વીકારે છે અને એટલે એ સંપૂર્ણ વૈજ્ઞાનિક બની છે. કેટલાય માનસિક રોગોના દરદીમાં એના બાળપણના ઉછેર વિષે ખાસ જાણવામાં આવે છે કેમ કે એ ઉપરથી એની બિહેવીયરલ પેટન્ટ બનતી હોય છે. એના ઉપરથી વ્યક્તિના વર્તનની ખૂબી-ખામીઓ શોધી શકાય છે.

આવી સમસ્યાઓમાં P4Pના સિદ્ધાંતો એમ કહે છે કે દરેક વ્યક્તિ પોતે જે રીતે ઉછરી, એના પોતાના બાળકને ઉછેરવામાં એની વિશેષ અસર હોવાની. આમ જ્યારે આપણને આપણા ઉછેર માટે માબાપનો વાંક દેખાય, ત્રુટિ દેખાય ત્યારે વિચારવાની વાત એ છે કે એમાં એમનો વાંક જોવાની જરૂર નથી કેમ કે તેઓ પોતે એ રીતે ઉછેર પામ્યા છે અને એટલે એમને એ રીત સાચી લાગી. આમ એમને માફ કરી દેવા એ જ ઉત્તમ છે. બીજી વાત એ પણ છે કે માફ કરી દેવાનો સિદ્ધાંત ડગલે ને પગલે જરૂરી છે. ન આવડતું હોય તો શીખવું જોઈએ,એ વગર માનસિક શાંતિનું બુંદ પણ હાથ ન લાગે. 'માફ કરો, મન સાફ કરો'.જાણ્યે અજાણ્યે કેટલાય લોકો તરફથી આપણને મુસીબતો મળતી હોય છે. આવા લોકોથી દૂર રહેવાનુ હંમેશા શક્ય પણ નથી હોતું. ત્યારે જો એ માટે દુઃખ લગાડીએ કે બદલો લેવાની ભાવના રાખીએ તો મનમાં દ્વેષના ડુંગર ખડકાય અને એ આપણને એક ઘડી જંપવા ન દે.આ રીતે જોઈએ તો ચોક્કસ એમ કહી શકાય કે જો આપણે આપણા માબાપને જ માફ ન કરી શકીએ તો બીજા કોને માફ કરી શકવાના ?એક માનવી તરીકે વિકસવામાં પણ આ બાબત બહુ મોટો ભાગ ભજવે છે. ભરતભાઇ કહે છે,હું મારા પપ્પાને માફ કરી શક્યો અને આજે અમારા સંબંધોમાં એટલે હળવાશ છે,સ્પષ્ટતા છે. જ્યારે પોતાના ઘરમાં હળવાશ આવે, અંગત સંબંધોમાં સમજણ ને શાંતિ સ્થપાય, એની તોલે દુનિયાનું કોઈ સુખ ન આવે. જીવનમાં આ પાયાની વાત અને તે પિતા-પુત્ર, માતા-પુત્ર કે ભાઈ-બહેન, પતિ-પત્ની દરેક સંબંધોમાં લાગુ પડે છે. ■